દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬

# રાજધાની દિલ્હી: લાખો જોખમી ઈમારતોથી ભરેલું શહેર

દિલ્લીના સત્ય નિકેતનમાં પાંચ માળની એક ઈમારત ધરાશાયી થઈ, જેમાં સાત લોકોના મોત થયા અને અન્ય લોકો ટનો કાટમાળ નીચે ફસાયા, તેણે ફરીથી રાજધાની પર એક ભયાનક પ્રશ્ન ઊભો કરી દીધો છેઃ જ્યારે જમીન હલવા લાગે ત્યારે દિલ્લીના ઈમારતો કેટલી સુરક્ષિત છે? હાલમાં થયેલા એક અભ્યાસ અનુસાર,દિલ્લી-એનસીઆરના લગભગ 8.9 મિલિયન ઈમારતોમાં લગભગ 38 ટકા ઈમારતો મુખ્ય સક્રિય ફોલ્ટ્સ પર માત્ર 5.0 મેગ્નિટ્યુડના ભૂકંપની સ્થિતિમાં પણ સંવેદનશીલ હોઈ શકે છે. તેનો અર્થ થાય છે કે 33 લાખથી વધુ બિલ્ડિંગ્સ સંભવિત જોખમમાં છે, જે દિલ્હીની ભૂકંપ સંવેદનશીલતા કેટલી વિશાળ છે તે દર્શાવે છે. આ ઉપરાંત ભૂકંપ સિવાયના સંજોગોમાં પણ, ભારે વરસાદ જેવા સંજોગોમાં પણ તૂટી પડે તેવી ઘણી ઈમારતો દિલ્હીમાં છે.

પ્રારંભિક અહેવાલો અને તપાસોએ બિલ્ડિંગની ઉંમર, અનુમતિ વિના કરવામાં આવેલી વધારાની રચનાઓ, ઢાંચાકીય ફેરફારો અને બાંધકામ પ્રવૃત્તિઓ અંગે ચિંતાઓ ઊભી કરી છે. આ બિલ્ડિંગ, જે ગીચ વસ્તીવાળા કેન્દ્રમાં આવેલું છે, તેમાં વર્ષો દરમિયાન ઘણું સમારકામ થયું હોવાનું જણાવાયું છે અને તે ધરાશાયી થવાના પહેલા પણ તેના પર સમારકામ થયા હતા. આવી ઇમારતોના કારણે દિલ્હીના ઝડપથી બદલાતા લત્તાઓમાં ઢાંચાકીય સલામતી અંગે પ્રશ્નો ઊભા થયા છે. અધિકારીઓ હવે જાહેર ઉપયોગ માટેની બિલ્ડિંગો અને પિજીએસ માટે ઢાંચાકીય ઓડિટ અને નવી સલામતી ઉપાયો પર વિચાર કરી રહ્યા છે. દિલ્હીની વિશાળ અને જટિલ બિલ્ડિંગ સંખ્યા સામે જોતા આ ચિંતાઓ વધુ ગંભીર બની જાય છે. દિલ્હી ભૂકંપ માટે ખૂબ જ સંવેદનશીલ છે. દિલ્હી સિસ્મિક ઝોન IV માં આવેલું છે, જે ભારતમાં બીજા ક્રમની સૌથી વધુ ભૂકંપ જોખમ શ્રેણી છે. રાજધાની માત્ર સ્થાનિક ખામીઓથી ઉદ્ભવતા ભૂકંપ માટે જ નહીં પરંતુ હિમાલય ક્ષેત્રમાં શક્તિશાળી ભૂકંપીય ઘટનાઓ માટે પણ સંવેદનશીલ છે. વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે દિલ્હીની જટિલ ભૂગોળ, સક્રિય ફોલ્ટ્સની નિકટતા અને વિશાળ વસ્તી તેને મોટા ભૂકંપ માટે ખાસ કરીને સંવેદનશીલ બનાવે છે. સત્ય નિકેતનના પતનથી કેટલીક એવી નબળાઈઓ છતી થઈ છે જે ભૂકંપને મોટા પાયે શહેરી આપત્તિમાં ફેરવી શકે છે. રાષ્ટ્રીય સીઝમોલોજી કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા 2026માં Environmental Earth Sciences માં પ્રકાશિત એક સંશોધન પેપર મુજબ, દિલ્લી-એનસિટી પાસે લગભગ 8.9 મિલિયન ઈમારતો હોઈ શકે છે અને લગભગ 38 ટકા ઈમારતો મધ્યમ ભૂકંપ સ્થિતિમાં જોખમી હોઈ શકે છે. આ અભ્યાસ રાજત પાસરીચા, કપિલ મોહન અને ઓ.પી. મિશ્રા દ્વારા કરવામાં આવ્યો હતો, જેમાં 6.0 માપના ભૂકંપથી થનારા નુકસાનનું મોડેલિંગ કરવામાં આવ્યું હતું અને વધુ વસ્તી ઘનતા, જૂની ઈમારતો અને જટિલ સ્થાનિક ભૂગર્ભશાસ્ત્રને મુખ્ય જોખમ તરીકે દર્શાવવામાં આવ્યું હતું. આનો અર્થ એ નથી કે દિલ્લીના 38 ટકા ઈમારતો જરૂર ધરાશાયી થશે જ. પરંતુ જોખમ તો રહે જ છે.

ભૂકંપનું નુકસાન ભૂકંપની સ્થાન, ઊંડાણ અને લક્ષણો, સ્થાનિક માટીના પરિસ્થિતિઓ અને વ્યક્તિગત ઈમારતોની ગુણવત્તા અને ડિઝાઇન પર આધાર રાખે છે. પરંતુ આ શોધો દિલ્હીની સંવેદનશીલતાની વ્યાપકતા પર ભાર મૂકે છે.

દિલ્હીનો પડકાર માત્ર આગામી ભૂકંપની આગાહી કરવી નથી. તે શહેરને ભૂકંપ આવતાં પહેલા તૈયાર કરવાનું છે. દિલ્હીની વસાહતો આટલી જોખમી કેમ છે? રાજધાની ગીચ વસતી વસ્તીવાળા કોલોનીઓ, જૂની ઈમારતો, સાંકડા પ્રવેશ માર્ગો અને એવી રચનાઓથી ભરેલી છે જે વર્ષો દરમિયાન અનિયમિત ફેરફારો અથવા વધારાઓનો સામનો કરી શકે છે. આવા વિસ્તારોમાં, મોટો ભૂકંપ માત્ર ઈમારતોના ધ્વંસને જ નહીં, પરંતુ બચાવ કામગીરીમાં અવરોધ પણ ઉભો કરી શકે છે. અન્ય સંજોગોમાં થયેલી હોનારતોમાં પણ આ જોવા મળ્યું જ છે. શોધકર્તાઓએ એ પણ શોધ્યું છે કે સ્થાનિક જમીનની પરિસ્થિતિઓ કેવી રીતે ભૂકંપની તરંગો દિલ્હીના વિવિધ ભાગોને અસર કરે છે તે પર નોંધપાત્ર અસર કરી શકે છે. કેટલીક અભ્યાસો સૂચવે છે કે જમીનની નીચેની પરિસ્થિતિઓ ભૂકંપની હલચલને વધારી શકે છે, જેમાં ટૂંકા અવધિના તરંગો ઓછી ઊંચાઈ ધરાવતી ઈમારતો માટે ખાસ જોખમરૂપ છે. સત્ય નિકેતનની ઘટના ભલે ભૂકંપના કારણે ન થઈ હોય. પરંતુ આ ઘટનાએ એક ભયાનક ચેતવણી આપી છે કે જમીન હાલતી ન હોવા છતાં પણ માળખાની નબળાઈ શું કરી શકે છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં દિલ્હીની વસતી ખૂબ વધી છે, કરોડો લોકો બહારથી ઠલવાયા છે, આ સાથે જ ગીચ વસાહતો વધી છે અને આ સ્થિતિએ તેને ભૂકંપ જેવા સંજોગો માટે જોખમી ઈમારતોથી ભરેલું શહેર બનાવી દીધું છે.

## બે ભાઈઓનો પ્રેમ



એક ગામમાં બે ભાઈઓ રહેતા હતા. મોટો ભાઈ પરિણીત હતો અને તેના ત્રણ બાળકો હતા અને નાનો ભાઈ અપરિણીત હતો, સાવ એકલો રહેતો હતો. પિતાના અવસાન પછી બંને ભાઈઓએ ખેતર સરખા ભાગમાં વહેંચી લીધું. પાક તૈયાર થયો અને બંનેએ પાકના સરખા ભાગ કર્યા અને તેમના બન્નેના ઘરની પાછળ નાના અનાજ ભંડાર હતા તેમાં અનાજ રાખ્યું. તે રાત્રે મોટો ભાઈ વિચારવા લાગ્યો, “મારા નાના ભાઈ પાસે પત્ની કે બાળકો નથી. વૃદ્ધાવસ્થામાં તેની સંભાળ કોણ રાખશે? મારે થોડું અનાજ તેને આપવું જોઈએ. જેથી વધારાનું અનાજ વેચીને તે મૂડી ભેગી કરી શકે જે તેને વૃદ્ધાવસ્થામાં કામ આવશે.’

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

આવો વિચાર આવતા જ તે રાત્રે તે ચુપચાપ પોતાના ભાઈના ભંડારમાં અનાજની દસ ગુણી મૂકી આવ્યો. એ જ રાત્રે નાનો ભાઈ પણ વિચારતો હતો, “મારા મોટા ભાઈને પોતાનું કુટુંબ છે તેની પર પત્ની અને બાળકોની જવાબદારી છે. તેનો ખર્ચ મારા કરતાં વધારે છે. મારે તેને વધુ અનાજ આપવું જોઈએ જેથી તેને ઓછું ન પડે અને થોડા વધારે પૈસા મળે.’ તે પણ રાત્રે ચુપચાપ દસ ગુણી અનાજ મોટા ભાઈના ભંડારમાં મૂકી આવ્યો. સવારે બંને આશ્ચર્યચકિત થયા. અનાજ ઓછું થવાને બદલે સરખું જ હતું! તેમને આ વાત કોઈને કરી નહીં અને રાત્રે ફરી અનાજ મુકવાનું નક્કી કર્યું ... આમ ચાર રાતો વીતી ગઈ બંને ભાઈઓ એકબીજાના ભ્રૂદરમાં અનાજની ગુણીઓ મૂકી આવતા એટલે સવારે ગુણીઓ સરખી જ થતી. એક રાત્રે બંને ભાઈઓ ખભે ગુણી લઈને રસ્તામાં સામસામે મળી ગયા. બંનેના હાથમાં અનાજની ગુણી હતી. એક ક્ષણ માટે બંને શાંત રહ્યા. એકબીજાને જોતા રહ્યા અને કઈ કહ્યા વિના બધું સમજી ગયા તેમની આંખોમાંથી પ્રેમ ઉભરતો હતો ... બંને એકબીજાને ભેટી પડ્યા. સાચો સંબંધ ‘મને શું મળશે?’ પર નહીં, પરંતુ ‘હું તારા માટે શું કરી શકું?’ પર ટકેલો હોય છે. પ્રેમમાં ગણતરી નથી હોતી. જ્યાં સ્વાર્થ ઓછો અને કાળજી વધારે હોય, ત્યાં સંબંધો જીવનભર ટકી રહે.

# ભારતની આંકડાકીય વ્યવસ્થાની બદલાયેલી તાસીર

**કહેવાની વાત**

**નેહા શાહ**

> **એમની દલીલ સ્વીકાર્ય નથી તોયે આંકડા આધારે એટલું તો કહી શકાય કે ભારત એના અર્થતંત્રના કદના કારણે વૈશ્વિક આર્થિક વૃદ્ધિને ધક્કો મારી શકે એમ છે**

ભારતીય અર્થતંત્રનો વૃદ્ધિદર ૭.૮ ટકા છે કે નહીં? સરકારી આંકડાનો દાવો છે કે ઈરાન-યુ.એસ. યુદ્ધના ઓછાયા વચ્ચે પણ ભારતનું અર્થતંત્ર સક્ષમ રહ્યું. આ દાવા સામે ટીકા સરકારી આંકડા અને ગણતરીની પદ્ધતિની છે. પૂર્વ નાણાં સચિવ સુભાષ ચંદ્ર ગર્ગે આક્ષેપ કર્યો કે આંકડામાં સુધારો કરવાના નામે એપ્રિલ-જૂન ૨૦૨૫ના ત્રિમાસિક ગાળાના GDPમાં આશરે 63.5 અબજ ડૉલરનો ઘટાડો કરવામાં આવ્યો છે, જેથી જૂન ૨૦૨૫થી જૂન ૨૦૨૬ વચ્ચે થયેલી વૃદ્ધિ ઘણી મોટી દેખાય.

ગર્ગ સાહેબની ગણતરી પણ યોગ્ય નથી. તેમણે બે અલગ અલગ પદ્ધતિના આંકડા તપાસ્યા છે, જેની સરખામણી શક્ય નથી. એમની દલીલ સ્વીકાર્ય નથી તોયે આંકડા આધારે એટલું તો કહી શકાય કે ભારત એના અર્થતંત્રના કદના કારણે વૈશ્વિક આર્થિક વૃદ્ધિને ધક્કો મારી શકે એમ છે. ભારતના જાહેર રોકાણમાં વધારો થયો છે, નિકાસમાં વધારો થયો છે અને ઉત્પાદન ક્ષેત્રે પણ વૃદ્ધિ છે. છતાં ખાનગી રોકાણ જરૂર જેટલું કેમ વધતું નથી? આર્થિક વૃદ્ધિથી જો લોકોની આવક વધતી હોય તો વપરાશ ખર્ચ કેમ વધતો નથી? તો ૭.૮ ટકાની વૃદ્ધિનું થાય છે શું? એ કોને ભાગે જાય છે? એ સવાલ તો વ્યાજબી રીતે પૂછાવા જ જોઈએ. સરકાર માળખાકીય સવલતોમાં રોકાણ કરે એ સારું જ છે, પણ જો વર્તમાન સમયમાં એનાથી નવો રોજગાર ઊભો ના થતો હોય તો એ વૃદ્ધિનું ઉજમણું શા માટે?

એક સમય હતો, જ્યારે ભારતની આંકડાકીય વ્યવસ્થા વિશ્વના ટોચના દેશોમાં ગણતરી થતી હતી. નવા-સવા આઝાદ થયેલા આટલા મોટા દેશે મર્યાદિત સંસાધનો સાથે આર્થિક પ્રગતિ કરવી હોય તો સચોટ આયોજન કરવું પડે, જે માટે આંકડાની ચોકસાઈ જરૂરી હતી. પ્રો. મહાલનોબીસના નેતૃત્વમાં ભારતે આંકડાકીય વ્યવસ્થા સ્થાપિત કરવામાં અન્ય દેશોનું અનુસરણ કરવાને બદલે નેતૃત્વ કર્યું. કરોડોની વસ્તીમાંથી વૈજ્ઞાનિક ઢબે નમૂના તારવી સર્વેક્ષણ કરવાની પદ્ધતિ ઊભી કરી.

૧૯૮૦ના દાયકા સુધી ભારતે આ ખ્યાતિ જાળવી રાખી હતી. વસ્તી ગણતરી ઉપરાંત ગરીબી, બેરોજગારી, વપરાશ ખર્ચ, ઔદ્યોગિક અને કૃષિ પેદાશ એમ વિવિધ પ્રકારના આંકડા મળતા રહ્યા, જેણે નીતિના મજબૂત અમલ માટે પાયો બાંધવાનું કામ કર્યું. ૧૯૯૦ના દાયકા પછી અનૌપચારિક ક્ષેત્રના વધેલા વ્યાપને કારણે ચોકસાઈપૂર્ણ આંકડા મેળવવાનું અઘરું થતું ગયું. પરિણામે આંકડાકીય અંદાજમાં ત્રુટિઓ દેખાવા લાગી. વિવાદ પદ્ધતિ વિષયક મતભેદને કારણે હતો, રાજકીય નિયત બાબતે નહિ.

પાછલા એક દાયકામાં સરકારી આંકડા વિશ્વસનીયતા ગુમાવી ચૂક્યા છે. નોટબંધી પછી અર્થતંત્રમાં તરલ નાણાંની તંગી હતી અને ઉદ્યોગ-ધંધા મંદ ચાલતા હતા ત્યારે પણ સરકારી આંકડા મુજબ ભારતનો વિકાસ દર ૮.૨ ટકા જેટલો હતો. એ વાત માનવામાં ન આવે એવી લાગતાં આંકડાની વિશ્વસનીયતા પર સવાલ ઉઠવા લાગ્યા. પછી ૨૦૧૭માં બેરોજગારીના આંકડા જાહેર થતાં રોકી રાખવામાં આવ્યા. એ જ પ્રમાણે ગ્રામીણ ક્ષેત્રે વપરાશ ખર્ચમાં ધરખમ ઘટાડો થયો હોવાનું દર્શાવતા આંકડા પણ અટકાવી દેવાયા.

૨૦૨૧માં કોવિડના બહાને વસ્તી ગણતરી પણ ના થઈ. ૧૮૮૧માં વસ્તી ગણતરીની શરૂઆત થઈ હતી ત્યારબાદ પહેલી વાર આ પ્રક્રિયા અટકી. ૨૦૨૫માં આંતરરાષ્ટ્રીય મુદ્રા કોશે ભારતની આંકડાકીય વ્યવસ્થાને નિરીક્ષણ અને દેખરેખ માટે પર્યાપ્ત ગણાવી, પણ એની ગુણવત્તાને ‘સી’ કેટેગરીમાં મૂકી છે. વર્ષો જૂના આધાર વર્ષ પર થતી ગણતરી, ઉત્પાદન અને ખર્ચના આધારે કરેલી ગણતરીમાં જોવા મળતી વિસંગતીઓ તથા જરૂરી આંકડા ઉપલબ્ધ ન હોવા અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે.

ભારતની આંકડાકીય વ્યવસ્થા આજે પણ મોટી સંસ્થાકીય વ્યવસ્થામાંની એક છે, પણ એક સમયે ઉન્મુક્ત રહીને કામ કરતી સંસ્થાની સ્વાયત્તતા આજે કેટલી બચી છે એ સામે શંકા છે. પારદર્શિતા બચી નથી. પરિણામે સરકાર તરફથી આવતા આંકડા એ હદે વિશ્વસનીયતા ગુમાવી ચૂક્યા છે કે એના પર ભરોસો પડતો નથી. ગર્ગ સાહેબે ઉઠાવેલા મુદ્દા પદ્ધતિ-લક્ષી હતા, છતાં ચર્ચા સરકારના ઈરાદા અને આંકડાની વિશ્વસનીયતા પર આવીને અટકે છે. આર્થિક વૃદ્ધિ દરની ચર્ચા હવે આર્થિક વિષય કરતાં રાજકીય વિષય તરીકે વધુ થાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# લગ્ન વ્યક્તિ સ્વાતંત્ર્યનો મૂળભૂત અધિકાર છે તો વાંધો શું છે?

**રાજ કાજ ગુજરાત**

**કાર્તિકેય ભટ્ટ**

> **આપણે આપણા સંતાનો માટે કેવું ભવિષ્ય બનાવી રહ્યા છીએ? જેમ નફરત ફેલાવનારા લોકો આગળ આવે છે તેમ માનવતાવાદીઓ અને લોકશાહીમાં માનનારા લોકોએ પણ આગળ આવવું પડશે**

“આપણને આપણા જ સંતાનો, પુખ્ત વયના સંતાનો પ્રેમ કરે અને પ્રેમલગ્ન કરે તે સામે ભરપૂર વાંધો છે. પણ જાહેરમાં કોઈ ગળું કાપી નાખે, ઍસિડ ફેંકે કે રખડતાં ઢોર હુમલો કરી દે તે સામે વાંધો નથી. જેમ સિગારેટના બોક્સ પર લખ્યું હોય છે કે ‘સિગારેટ પીવી તબિયત માટે હાનિકારક છે’, તેમ ઘણા જ્ઞાતિ મંડળો અને સમાજના આગેવાનો જાણે કહેવા માગે છે કે ‘પ્રેમ કરવો હાનિકારક છે!

એક સજ્જન આવેગપૂર્વક પોતાનો મત આપી રહ્યા હતા, કારણ કે તેમણે સાંભળ્યું હતું કે હવે એવો કાયદો થવાનો છે કે યુવક-યુવતી સ્વેચ્છાએ પ્રેમલગ્ન કરે ત્યારે લગ્નના રજિસ્ટ્રેશનમાં માતા-પિતાની સહી ફરજિયાત હોવી જોઈએ. પ્રેમલગ્નમાં માતા-પિતાની સંમતિ ફરજિયાત કરવાની વાતો વહેતી થઈ છે. જોકે માતા-પિતા સંમત હોય, સહી આપવા તૈયાર હોય તો યુવક-યુવતી માત્ર રજિસ્ટર મેરેજ શા માટે કરે? પ્રશ્ન તો છે જ.

તાજેતરમાં ગુજરાતની જાણીતી ગાયિકાએ પોતાની પસંદગીના યુવક સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું તો તેમની જ્ઞાતિમાં વિરોધ અને વિવાદ થયો. આ પહેલાં સોનાક્ષી સિંહાએ અન્ય ધર્મના યુવક સાથે લગ્ન કર્યા ત્યારે સોશિયલ મીડિયામાં ભારે વિવાદ થયો હતો. કેટલીક ચેનલો અને વર્તમાનપત્રોએ પણ એ સમાચારને ખૂબ ચગાવ્યા. તેઓ મોટા માથાં હતાં, એટલે વાત સોશિયલ મીડિયાના વિવાદ સુધી રહી. પરંતુ સામાન્ય છોકરા-છોકરીએ આવાં પ્રેમલગ્ન કર્યા હોત તો? શું તેમના માથાં કાપવા માતા-પિતા જ મેદાને પડ્યા હોત?

આવા સમાચારોમાંથી ડરવા કરતાં વિચારવા જેવું છે. આપણે આપણા સંતાનો માટે કેવું ભવિષ્ય બનાવી રહ્યા છીએ? જેમ નફરત ફેલાવનારા લોકો આગળ આવે છે તેમ માનવતાવાદીઓ અને લોકશાહીમાં માનનારા લોકોએ પણ આગળ આવવું પડશે. વાર-તહેવારે લગ્ન, ભોજન, પહેરવેશ, પૂજા જેવી વ્યક્તિગત બાબતોમાં બની બેઠેલા ન્યાયાધીશો ડંડા પછાડવા આવી જાય છે. ચૂંટાયેલા નેતાઓ પણ ઘણી વાર સામાજિક રૂઢિઓ માટે આગ્રહ કરવા લાગે છે.

એમાં પણ સત્તાપક્ષ અને વિપક્ષના લોકો એકસરખી વાત કરે ત્યારે પ્રજાએ સાવચેત થવું જરૂરી છે. થોડા સમય પહેલાં ગુજરાતમાં પણ કેટલાક નેતાઓએ કહ્યું હતું કે, “અમે સરકારને રજૂઆત કરીશું કે પ્રેમલગ્નના રજિસ્ટ્રેશન સમયે માતા-પિતાની સહી ફરજિયાત કરાવવામાં આવે.” હવે સત્તાપક્ષના એક વરિષ્ઠ નેતાએ પણ આવી જ વાત કરી છે.

ભારત એક તરફ વિશ્વની પાંચ મોટી આર્થિક વ્યવસ્થાઓમાં સામેલ થઈ રહ્યું છે અને આપણી રાષ્ટ્રીય આવક વધી રહી છે, ત્યારે બીજી તરફ જાણે આપણી સામાજિક સમજણને લુણો લાગી રહ્યો છે. આપણે પરંપરા અને સામાજિક બંધનોમાંથી ઝડપથી બહાર આવી શકતા નથી. જૂની કબીલાઈ પ્રથાઓને જીવાડવા મથી રહ્યા છીએ. આજે પણ આપણે સ્ત્રીને તુચ્છ ગણીએ છીએ.

વડાપ્રધાને સંસદના પગથિયાં પર વંદન કરીને જાહેર કર્યું હતું કે ભારતનું બંધારણ જ આપણો ધર્મગ્રંથ છે. આ જ બંધારણના આમુખમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ માટે આપણે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. અહીં સ્વતંત્રતા એટલે નિર્ણય લેવાની સ્વતંત્રતા પણ છે. બંધારણ દરેક નાગરિકને વ્યવસાય, ધર્મ, પૂજા, અભિવ્યક્તિની સાથે જીવનસાથી પસંદ કરવાની સ્વતંત્રતા પણ આપે છે. આ સ્વતંત્રતા પુરુષો અને સ્ત્રીઓ બંનેને મળે છે.

ખલીલ જિબ્રાને માતા-પિતાને ઉદ્દેશીને લખ્યું છે કે, “બાળકો તમારા દ્વારા આવ્યા છે, તમારા માટે નથી આવ્યા.” માતા-પિતા ઘણી વાર સંતાનોને પોતાની મિલકત ગણે છે. આ માનસિકતામાંથી આપણે બહાર નીકળવાનું છે. સંતાનોના લગ્ન કોઈ ખરીદ-વેચાણની વ્યવસ્થા નથી કે તેમાં માતા-પિતાની સંમતિ ફરજિયાત હોવી જોઈએ.

વિરોધાભાસ જુઓઃ એક તરફ આપણે સમાન નાગરિક ધારો લાવવા માગીએ છીએ અને બીજી તરફ આપણા જ સંતાનોને ગુલામ માનસિકતામાં કેદ કરવા માગીએ છીએ. આવી માગણી સમાજના બધા જ્ઞાતિ સમૂહો કરતા નથી. કેટલાક તો આવો નિયમ માત્ર છોકરીના પક્ષે જ ઈચ્છે છે.

જો આપણે પરિપક્વ સમાજ તરફ આગળ વધવું હોય તો વિચારવું પડશે કે છોકરો-છોકરી પોતાની પસંદગીથી લગ્ન કરવા માગે ત્યારે તેમણે ઘર કેમ છોડવું પડે? “તેઓ ભાગી જઈને લગ્ન કરી લીધાં” આ વાક્ય સભ્ય સમાજને શોભતું નથી. આપણા બાળકો આપણાથી કેમ ભાગે? “પ્રેમલગ્ન સફળ થતાં નથી” કે “છોકરીઓ ઝડપથી ફસાઈ જાય છે” જેવા નિવેદનો ઉપરછલ્લા છે. જો આ દલીલો સાચી હોય તો પણ માતા-પિતાની ફરજિયાત સંમતિ માટે તર્ક મળતો નથી.

ખરી વાત તો એ છે કે જો છોકરો-છોકરી કાયદેસર લગ્નનું રજિસ્ટ્રેશન કરાવે છે તો છોકરાની પણ જવાબદારી નક્કી થાય છે. તે દગો કરે તો કાયદેસર પગલાં લઈ શકાય છે. લગ્નની લાલચ આપી છેતરનારા લોકો રજિસ્ટ્રેશનનું નામ પડતાં જ ભાગી જાય છે. જો છોકરો કાયદેસર લગ્ન કરે છે તો તે છેતરતો નથી તે પણ સાબિત થાય છે. આવી ફરજિયાત સહીનો તુક્કો લાવવામાં આવે તો ખરેખર બદમાશોને જ ફાયદો થશે. તેઓ કહી શકશે, “હું તો લગ્ન કરવા તૈયાર છું, તારા મા-બાપ માનતા નથી.” પરિણામે છોકરીઓનું વધુ શોષણ થઈ શકે છે.

પુખ્ત વયના યુવક-યુવતી પોતાની પસંદગીથી જીવનસાથી પસંદ કરી શકે તે બાબત સ્વતંત્રતા અને બંધારણીય અધિકારો સાથે જોડાયેલી છે. રાજ્ય સરકાર આવા અધિકારને મર્યાદિત કરતો કાયદો ઘડી શકે કે કેમ, તે બંધારણીય પ્રશ્ન છે. પ્રશ્ન એ પણ છે કે ગુજરાતમાં નહીં તો રાજસ્થાનમાં સહી? છોકરો-છોકરી ભાગી ગયા છે તો “આબુ જતા આવીએ” એવું વિચારે તો શું કરવાનું?

કોઈ રાજકવિ પોતાની કવિતા બદલી નાખે એટલી ઝડપથી દેશમાં બંધારણે આપેલા મૂળભૂત અધિકારો બદલી શકાતા નથી. પરંપરા અને પરિવારનું સન્માન જરૂરી છે, પરંતુ વ્યક્તિની સ્વતંત્રતા, સમાનતા અને પસંદગીના અધિકાર કરતાં ઉપર કોઈ સામાજિક રૂઢિ ન હોઈ શકે. પરિપક્વ સમાજ એ છે જ્યાં સંતાનોને પોતાની પસંદગી માટે ઘર છોડવું ન પડે.

કોઈ રાજકવિ પોતાની કવિતા બદલી નાખે એટલી ઝડપથી દેશમાં બંધારણે આપેલા મૂળભૂત અધિકારો બદલી શકાતા નથી. પરંપરા અને પરિવારનું સન્માન જરૂરી છે, પરંતુ વ્યક્તિની સ્વતંત્રતા, સમાનતા અને પસંદગીના અધિકાર કરતાં ઉપર કોઈ સામાજિક રૂઢિ ન હોઈ શકે. પરિપક્વ સમાજ એ છે જ્યાં સંતાનોને પોતાની પસંદગી માટે ઘર છોડવું ન પડે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## કરોડોનું દાન અને નાની રાજકીય હાજરી

ગુજરાતમાં કેટલીક નાની રાજકીય પાર્ટીઓને મળેલા અસામાન્ય રીતે મોટા દાનને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. દાવા મુજબ, એક પક્ષને વર્ષ 2024 દરમિયાન આશરે 620 કરોડનું દાન મળ્યું હતું, જ્યારે તેણે માત્ર એક ઉમેદવારને ચૂંટણી મેદાનમાં ઉતાર્યો હતો. જો આ આંકડા સત્તાવાર દસ્તાવેજોથી પુષ્ટિ પામે, તો સ્વાભાવિક પ્રશ્ન છે કે આટલી મોટી રકમ કોણે, શા માટે અને કયા હેતુસર આપી? દાવા મુજબ, ગુજરાતની છ નાની રાજકીય પાર્ટીઓને મળીને આશરે 4,300 કરોડનું દાન મળ્યું છે. સામે પક્ષોની રાજકીય પ્રવૃત્તિઓ, સંગઠનાત્મક માળખું અને ચૂંટણીમાં ભાગીદારી જોતા આ નાણાકીય વ્યવહારો વધુ તપાસની માંગ કરે છે. કોઈ પક્ષ કે વ્યક્તિને સત્તાવાર તપાસ વિના “શેલ પાર્ટી” અથવા મની લોન્ડરિંગમાં સંડોવાયેલો ગણાવવો યોગ્ય નથી. પરંતુ દાન અને વાસ્તવિક રાજકીય કામગીરી વચ્ચે મોટો તફાવત હોય, તો પારદર્શિતા જરૂરી છે. દાન આપનાર કોણ? રકમ ક્યાંથી આવી? તેનો ઉપયોગ ક્યાં થયો? તમામ વ્યવહારો નિયમો મુજબ થયા કે નહીં? આ સવાલોના જવાબ સત્તાવાર દસ્તાવેજો અને સ્વતંત્ર તપાસ દ્વારા જાહેર થવા જોઈએ. લોકશાહીમાં રાજકીય પક્ષોને દાન મળવું કાયદેસર છે, પરંતુ સૈંકડો કરોડના દાન સામે નાની રાજકીય હાજરી દેખાય ત્યારે જવાબદારી અને હિસાબ માગવો નાગરિકોનો અધિકાર છે.

**સુરત - આશિષ ટેલર**

## તહેવારો અને વધતું પ્રદૂષણ

તહેવારો આનંદ અને ઉત્સાહ માટે હોય છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ઉજવણીની સાથે પ્રદૂષણ પણ વધતું જોવા મળે છે. મોટા અવાજે ડીજે, ઢોલ-નગારાં, ફટાકડા અને જાહેર માર્ગો પર લાંબા સમય સુધી ચાલતા કાર્યક્રમોથી ધ્વનિ અને વાયુ પ્રદૂષણ વધે છે. ધાર્મિક શ્રદ્ધા વ્યક્તિગત બાબત છે, પરંતુ જાહેર સ્થળે ઉજવણી કરતી વખતે અન્ય લોકોની સુવિધા અને આરોગ્યનો વિચાર કરવો જરૂરી છે. હોસ્પિટલ, વૃદ્ધો, બાળકો અને પ્રાણીઓ માટે ભારે અવાજ ખૂબ મુશ્કેલી ઊભી કરી શકે છે. તહેવારની ભવ્યતા અવાજની તીવ્રતા કે ખર્ચથી નક્કી થવી જોઈએ નહીં. ઓછા પ્રદૂષણ સાથે પણ ઉત્સવ આનંદપૂર્વક ઉજવી શકાય છે. સ્થાનિક તંત્ર દ્વારા નિયમો બનાવવામાં આવે છે, પરંતુ નિયમોનો અમલ અને નાગરિકોનો સહકાર બંને જરૂરી છે. આપણે ભગવાનને પ્રસન્ન કરવા માટે ઉજવણી કરીએ છીએ કે પડોશીઓને પરેશાન કરવા માટે? આ પ્રશ્ન દરેક તહેવાર પહેલાં પોતાને પૂછવાની જરૂર છે. આનંદ એવો હોવો જોઈએ જેમાં બીજાના આનંદનું બલિદાન ન આપવું પડે.

**અંકલેશ્વર - અમિત રાણા**

## રખડતાં ઢોરનો પ્રશ્ન

શહેરોના રસ્તાઓ પર રખડતાં ઢોરનો પ્રશ્ન વર્ષોથી ચર્ચાતો આવ્યો છે, છતાં તેનો કાયમી ઉકેલ દેખાતો નથી. રસ્તા વચ્ચે બેસેલા કે અચાનક દોડી આવતા ઢોરને કારણે વાહનચાલકો માટે જોખમ ઊભું થાય છે. ખાસ કરીને રાત્રિના સમયે અકસ્માતની શક્યતા વધી જાય છે. દૂધ મેળવ્યા પછી પશુઓને રસ્તા પર છોડી દેવાની માનસિકતા બદલવી જરૂરી છે. બીજી તરફ સ્થાનિક તંત્રની જવાબદારી પણ એટલી જ મહત્વની છે. માત્ર ઢોર પકડીને થોડા દિવસ બાદ ફરી રસ્તા પર આવી જાય તેવી કાર્યવાહીથી સમસ્યા ઉકેલાતી નથી. પશુઓ માટે પૂરતા આશ્રયસ્થાનો, નોંધણી વ્યવસ્થા અને માલિકો સામે જવાબદારી નક્કી કરવી જરૂરી છે. પશુપ્રેમ અને માનવસુરક્ષા બંને જળવાય તેવો વ્યવહારુ રસ્તો શોધવો જોઈએ. અકસ્માત થયા પછી સહાનુભૂતિ દર્શાવવા કરતાં અકસ્માત ન થાય તેવી વ્યવસ્થા કરવી વધુ જરૂરી છે.

**કિમ - આરતી બક્ષી**

## મોંઘવારી અને સામાન્ય પરિવાર

મોંઘવારીનો પ્રશ્ન આજે દરેક પરિવારને સીધી રીતે અસર કરી રહ્યો છે. આવકમાં વધારો થાય તે પહેલાં જ ઘરખર્ચની નવી યાદી તૈયાર થઈ જાય છે. ખાદ્ય ચીજવસ્તુઓ, શિક્ષણ, આરોગ્ય, ઘરભાડું, વીજળી અને પરિવહન જેવા ખર્ચ સતત વધતા જાય ત્યારે મધ્યમવર્ગીય પરિવાર માટે માસિક બજેટ જાળવવું મુશ્કેલ બની રહ્યું છે. મોંઘવારીનો સૌથી વધુ પ્રભાવ નિશ્ચિત આવક ધરાવતા પરિવારો પર પડે છે. પગાર એક જ હોય અને ખર્ચના અનેક મોરચા વધતા જાય તો બચત કરવી મુશ્કેલ બને છે. બાળકોના શિક્ષણ અને આરોગ્ય પાછળનો ખર્ચ તો ઘણી વખત પરિવારને દેવું લેવા મજબૂર કરે છે. સરકાર દ્વારા મોંઘવારી નિયંત્રણ માટે વિવિધ પગલાં લેવામાં આવે છે, પરંતુ સામાન્ય માણસને તેનો સીધો લાભ ક્યારેક અનુભવાતો નથી. બજારમાં કૃત્રિમ ભાવવધારો કરનારા તત્વો સામે કડક કાર્યવાહી જરૂરી છે. વિકાસના આંકડા ત્યારે જ અર્થપૂર્ણ કહેવાય જ્યારે સામાન્ય પરિવારને પણ બે છેડા ભેગા કરવામાં રાહત અનુભવાય.

**વલસાડ - પ્રતિક વ્યાસ**

## નવી શિક્ષણ નીતિ અને સરકારી શાળાઓ

દેશમાં નવી શિક્ષણ નીતિ અને બદલાતા અભ્યાસક્રમની ચર્ચા જોરશોરથી થઈ રહી છે. શિક્ષણમાં સમય પ્રમાણે ફેરફાર જરૂરી છે, પરંતુ માત્ર પાઠ્યક્રમ બદલી દેવાથી શિક્ષણની ગુણવત્તા સુધરી શકે નહીં. આજે અનેક સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં પૂરતા વિદ્યાર્થીઓ નથી, જ્યારે કેટલીક જગ્યાએ શિક્ષકોની અછત છે. બીજી તરફ ખાનગી શાળાઓની ફી સામાન્ય પરિવાર માટે સતત બોજરૂપ બની રહી છે. નવી શિક્ષણ નીતિમાં કૌશલ્ય આધારિત શિક્ષણ, ટેક્નોલોજી અને વ્યવહારુ જ્ઞાન પર ભાર મૂકવામાં આવ્યો છે, જે આવકાર્ય છે. પરંતુ આ સુવિધાઓ દરેક શાળામાં સમાન રીતે ઉપલબ્ધ હોવી પણ એટલી જ જરૂરી છે. ગામડાં અને નાના શહેરોની શાળાઓમાં મૂળભૂત સુવિધાઓનો અભાવ હોય તો આધુનિક શિક્ષણનો લાભ કેવી રીતે મળશે? સરકારે નવી નીતિ સાથે સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓને મજબૂત બનાવવાની દિશામાં પણ ગંભીરતાથી વિચારવું જોઈએ. શિક્ષણનું ભવિષ્ય માત્ર નવી નીતિમાં નહીં, પરંતુ તેના યોગ્ય અમલમાં રહેલું છે.

**સુરત - વિરલ પટેલ**

## કૃત્રિમ બુદ્ધિ : તક કે પડકાર?

કૃત્રિમ બુદ્ધિ એટલે કે એઆઈ હવે માત્ર વિજ્ઞાનની દુનિયાનો વિષય રહ્યો નથી. શિક્ષણ, આરોગ્ય, વેપાર, પત્રકારત્વ અને મનોરંજન જેવા અનેક ક્ષેત્રોમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે. ઓછા સમયમાં વધુ કામ કરવાની ક્ષમતા તેને ઉપયોગી બનાવે છે. પરંતુ દરેક નવી ટેક્નોલોજીની જેમ એઆઈ સાથે પડકારો પણ જોડાયેલા છે. વિદ્યાર્થીઓ જો દરેક જવાબ માટે એઆઈ પર આધાર રાખશે તો તેમની પોતાની વિચારશક્તિ અને સર્જનાત્મકતા પર અસર થઈ શકે છે. નોકરીઓના કેટલાક ક્ષેત્રોમાં માનવીય કામનું સ્થાન ટેક્નોલોજી લે તેવી ચિંતા પણ સ્વાભાવિક છે. આથી એઆઈનો વિરોધ કરવો નહીં, પરંતુ તેનો સમજદારીપૂર્વક ઉપયોગ શીખવો જોઈએ. શિક્ષણમાં એઆઈનો ઉપયોગ જવાબ નકલ કરવા કરતાં વિષય સમજવા માટે થાય તે જરૂરી છે. આગામી સમયમાં એઆઈથી ભાગી શકાય તેમ નથી. પ્રશ્ન એ નથી કે એઆઈ આવશે કે નહીં; પ્રશ્ન એ છે કે આપણે તેનો ઉપયોગ સમજદારીથી કરીશું કે તેના પર સંપૂર્ણ નિર્ભર બની જઈશું.

**અમદાવાદ - કિરણ યાદવ**